# ચ.એ. સોસાયટીનું ગૌરવ

વિશ્વમાં નામાંકિત અને આણંદની સો વર્ષ (૧૦૦ વર્ષ) ઊજવી ચૂકેલ ખ્યાતનામ શાળા ડી.એન. હાઈસ્કૂલ, આણંદ માં 18 વર્ષથી મદદનીશ શિક્ષક તરીકે કાર્યરત ડૉ. મનોજ રમણીકલાલ જવાણીને આણંદ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકનો એવૉર્ડ રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલના હસ્તે પાંચમી સપ્ટેમ્બર શિક્ષકદિનના પવિત્ર દિવસે પ્રાર્થના મંદિર, ડી.એન. કેમ્પસ ખાતે એનાયત કરવામાં આવ્યો.

આ પ્રસંગે અન્ય મહાનુભાવોમાં પૂર્વ મંત્રી શ્રી રોહિતભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી સુભાષભાઈ બારોટ, પ્રદેશમંત્રી રમણભાઈ સોલંકી, પ્રદેશ પ્રશિક્ષણ વર્ગના કન્વીનર રાજેશભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી દિલીપ રાણા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અમિત પ્રકાશ યાદવ, પોલીસ અધિક્ષકશ્રી મકરંદ ચૌહાણ, ઇન્ચાર્જ પ્રાંત અધિકારીશ્રી પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી એમ.પી. પરમાર, ડાયેટ પ્રાચાર્યશ્રી હિતેશ દવે, ચ.એ. સોસાયટીના કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ તથા વિશાળ સંખ્યામાં આણંદ જિલ્લાના શિક્ષકો, શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.

14 મી સપ્ટેમ્બરના રોજ આત્મીયધામ, બાકરોલ ખાતે આણંદ જિલ્લા શૈક્ષણિક સંઘ સમિતિ તથા મીલસેંટ એપલાયન્સીસ પ્રા.લિ. ના સંયુક્ત ઉપક્રમે શિક્ષક અભિવાદન સમારોહ માં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબના હસ્તે ડૉ. મનોજ જવાણીને સન્માનપત્ર, મેમેન્ટો, શાલ અને પુષ્પગુચ્છ આપીને આણંદ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે રાજ્યસભાના સાંસદશ્રી લાલસિંહ વડોદરીયા, પૂર્વમંત્રીશ્રી રોહિતભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી મહેશભાઈ પટેલ, તથા આણંદ નગરપાલિકા પ્રમુખ કાંતિભાઈ ચાવડા, નગીનભાઈ શેઠ, ગુરુપ્રસાદ સ્વામી તથા વિવિધ સંસ્થાના આચાર્ય, ચેરમેન ઉપસ્થિત રહ્યા.

ડૉ. મનોજ જવાણીની આ સિદ્ધિ બદલ ચરોતર એજ્યુકેશન સોસાયટીના ચેરમેનશ્રી નિરવભાઈ પટેલ, મંત્રીશ્રી કે.ડી. પટેલ, કેમ્પસ ડાયરેક્ટરશ્રી મહેશભાઈ પટેલ તથા સમગ્ર શાળા પરિવારે હાર્દિક અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિના આશિષ આપ્યા.

સંસ્થાના મંત્રીશ્રી કે.ડી. પટેલ સાહેબે સવિશેષ જણાવ્યું કે, ડૉ. મનોજ જવાણી ઉત્સાહી, વિષયપ્રત્યે નીતનવું ઇનોવેશન્સ કરતાં, ઇનોવેટિવ, ખંતીલા, પેપર પબ્લિકેશનમાં પણ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેતાં, વિદ્યાર્થીપ્રિય એવા મહેનતુ, દૃઢ વિશ્વાસુ શિક્ષક હોવાનો અમોને ગર્વ છે. તેમની પ્રગતિમાં જ સંસ્થા અને શાળાનું ગૌરવ સમાવિષ્ટ છે.